દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫

સરકાર ટેલિકોમ કંપનીઓની ઈજારાશાહી નહીં તોડે તો ગ્રાહકોના ખિસ્સા ખાલી થઈ જશે

તાજેતરમાં ભારતમાં સિવિલ એવિએશનના મામલે મોટી સમસ્યા ઊભી થઈ હતી. સરકારે પાયલોટ સહિતના ક્રુ મેમ્બર્સના આરામના કલાકો વધારતાં ઈન્ડિગોની રોજની હજારો ફ્લાઈટો ઉડતી અટકી ગઈ હતી. આ ઘટના બનવા પાછળ એ કારણ હતું કે ભારતમાં સિવિલ એવિએશનના મામલે ઈન્ડિગોનું વર્ચસ્વ છે.

જેટલી ફ્લાઈટ ઉડે છે તેમાંથી 60 ટકા ફ્લાઈટ ઈન્ડિગોની છે. આ કારણે જ્યારે સરકાર દ્વારા આ નિયમ અમલમાં લાવવામાં આવ્યો ત્યારે ઈન્ડિગોની અવળી ચાલને કારણે સરકારે નીચાજોણું થયું હતું. આવી જ સ્થિતિ આગામી દિવસોમાં મોબાઈલ ફોનના રિચાર્જના મામલે થાય તેવી સંભાવના છે. ભારતમાં કરોડો લોકો મોબાઈલ ફોનનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે મોબાઈલ ફોન ક્ષેત્રે જે રીતે કંપનીઓના વર્ચસ્વ ઊભા થઈ રહ્યા છે તેણે આ નવી ભીતિ ઊભી કરી છે. પાછલા કેટલાક વર્ષોમાં મોબાઈલ કંપનીઓ દ્વારા ત્રણ વખત ભાવ વધારો કરવામાં આવ્યો છે.

જ્યારે આગામી વર્ષે પણ મોબાઈલ કંપનીઓ દ્વારા રિચાર્જ કે પછી પોસ્ટપેઈડના ભાવમાં 15થી 20 ટકાનો વધારો કરવામાં આવે તેવી સંભાવના છે.

હાલમાં ભારતમાં રિલાયન્સ જિઓ, ભારતી એરટેલ અને વોડાફોન આઈડિયા જેવી કંપનીઓ મોબાઈલના માર્કેટમાં છે. આ ઉપરાંત બીએસએનએલ પણ માર્કેટમાં છે પરંતુ હાલમાં મોબાઈલ ફોનનું માર્કેટ આ ત્રણ કંપનીઓ દ્વારા જ કેપ્ચર કરવામાં આવ્યું છે. ભૂતકાળમાં આ મોબાઈલ કંપનીઓ વચ્ચે ભારે સ્પર્ધાને કારણે ગ્રાહકોને ઓછા ભાવમાં સર્વિસ મળતી હતી પરંતુ હવે માત્ર ત્રણ જ કંપનીઓના વર્ચસ્વને કારણે સ્થિતિ બદલાઈ જવા પામી છે. મોબાઈલ કંપનીઓ હવે મોબાઈલ નેટવર્કની સાથે સાથે ઓટીટીનો પણ લાભ આપી રહી છે અને તેને કારણે રિચાર્જના દરો ઉંચા જઈ રહ્યા છે.

આ અંગે તાજેતરમાં મોર્ગન સ્ટેનલી દ્વારા રજૂ કરાયેલા અહેવાલ પ્રમાણે 2026માં 4જી અને 5જીના પ્લાનના ભાવો વધી શકે છે. કંપનીઓ પોતાની આવક વધારવા અને સુવિધાને વધુ મજબુત કરવા, 5જીને વધુ અપગ્રેડ કરવા માટે આવક વધારવા માંગે છે અને તેને કારણે ગ્રાહકોના ખિસ્સા ખાલી થશે. મોબાઈલ કંપનીઓ એવા દાવા કરી રહી છે કે ભારતમાં પ્રતિ જીબીની કિંમત વિશ્વમાં સૌથી ઓછી છે. જેથી વધારો કરવામાં વાંધો નથી. મોબાઈલના રિચાર્જ અને પોસ્ટપેઈડમાં વધારો કરવા માટે કંપનીઓ દ્વારા કવરેજની સાથે સાથે અન્ય સુવિધાઓની પણ જાહેરાતો કરવામાં આવી રહી છે.

જોકે, જોવા જેવી વાત એ છે કે અગાઉ કંપનીઓ દ્વારા ત્રણ વખત વધારો કરાઈ ચૂક્યો છે. હજુ વધારો થશે અને સરકાર તેની સામે કશું કરી શકે તેમ નથી. હાલમાં મોબાઈલ નેટવર્કના ક્ષેત્રમાં ત્રણ જ કંપનીઓનું વર્ચસ્વ સ્થપાઈ ચૂક્યું છે. જે રીતે ઈન્ડિગોનું વર્ચસ્વ છે તેવી જ રીતે આ ત્રણ કંપનીઓનું વર્ચસ્વ હોવાને કારણે આ કંપનીઓ કાર્ટેલ કરીને ભાવવધારો કરશે તો ગ્રાહકોએ ભોગવવાનું જ આવશે. સરકારે માત્ર બેસીને જોવાનું જ રહેશે. સરકાર પાસે હજુ પણ સમય છે. સરકાર ઈચ્છે તો ટેલિકોમ સેક્ટરમાં નવી કંપનીઓને લાવી શકે છે. બીએસએનએલને ફરી મજબુત કરી શકે છે. સરકાર વીજ કંપનીઓની જેમ ટેલિકોમ કંપનીઓ માટે પણ ભાવવધારાની સિસ્ટમ નક્કી કરી શકે છે કે તે વ્યાજબી છે કે ખોટો છે.

જો ટેલિકોમ સેક્ટરમાં નવી કંપનીઓ આવશે તો ફરી માર્કેટમાં સ્પર્ધા ઊભી થશે. આ મોબાઈલ કંપનીઓમાં સ્પર્ધા ઊભી કરવાનું અને તેમનું વર્ચસ્વ તોડવાનું. જે સંભવિત ભાવવધારો જણાવાઈ રહ્યો છે તે જોતાં ગ્રાહકોના ખિસ્સા પર સીધો 20 ટકાનો બોજ પડે તેમ છે. જો સરકાર વેળાસર નહીં જાગે તો આ ત્રણ જ કંપનીઓનો ભારતમાં એકાધિકાર સ્થપાઈ જશે તે નક્કી છે.

સૌથી સુંદર ભેટ

દાદા અને દાદીની લગ્નની ૬૦ મી મેરેજ એનીવર્સરી હતી. ૮૦ વર્ષના દાદા અને ૭૬ વર્ષનાં દાદી તેમની વચ્ચે 'ડોસી ડોસાને વ્હાલ કરે છે' એવો મધુરો પ્રેમ અકબંધ હતો.ઘરનાં બધાંએ મળીને સુંદર સેલીબ્રેશનનું આયોજન કર્યું હતું. દાદા દાદીના લગ્નના બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફ્સ શોધ્યા. બીજા થોડા યુવાનીના ફોટા શોધ્યા અને સરસ ડેકોરેશન અને મોટા પડદા પર ફોટોગ્રાફ્સ દેખાડવાનું આયોજન કર્યું.

દાદા અને દાદી તો આ બધું જોઈને જૂની યાદોમાં સરી પડ્યાં અને દરેક ફોટા સાથે જોડાયેલી લાગણીઓ અને વાતો કહેવા લાગ્યાં. બધાને સાંભળવાની બહુ મજા આવી.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

એક ગુલાબી સાડીમાં દાદીનો ગજરો નાખેલો ફોટો આવ્યો. દાદી બોલ્યાં, ''આ સાડી તમારા દાદા મારા માટે ખાસ કલકત્તાથી લાવ્યા હતા.'' નાનકડી પૌત્રીએ તરત પૂછ્યું, ''દાદી, દાદાએ તમને આટલાં બધાં વર્ષમાં કેટલી ભેટ આપી છે અને તેમાંથી સૌથી મોંઘી કે સૌથી યાદગાર ભેટ કઈ જે તમને સૌથી વધારે ગમી હોય.''

દાદી દાદા તરફ જોઈને મીઠું હસ્યાં અને પછી બોલ્યાં, 'દીકરા, ૬૦ વર્ષથી મને જે મળ્યું છે, તેમણે જે અપાવ્યું છે તે બધું જ તારા દાદાએ આપેલી ભેટો જ છે અને હવે વાત કરું સૌથી મોંઘી અને યાદગાર ભેટ જે મને સૌથી વધારે ગમે છે.''નાનકડો પૌત્ર વચ્ચે જ બોલ્યો, ''દાદી જલ્દી કહો ને કઈ ગીફ્ટ અને બતાવો અમને તમે સાચવી રાખી હશે ને.''

દાદી મીઠું મલકતાં બોલ્યાં, ''તારા દાદા તરફથી મને તો અમૂલ્ય ભેટ રોજે રોજ મળે છે તે એવી ભેટ છે જે કોઈ પૈસાથી ખરીદી શકતું નથી, છતાં મૂલ્યવાન છે.'' દીકરી બોલી, ''મા,એવી કઈ ભેટ છે?''

દાદીએ કહ્યું, ''એ ભેટ છે કાળજી કરવી, ધ્યાન રાખવું. તમારા અંગ્રેજીમાં કહું તો 'careing' આ એક એવી ભેટ છે કે જે તારા દાદા રોજેરોજ મને આપે છે અને અતિ મૂલ્યવાન છે.તારા દાદા સતત મારી બધી જરૂરિયાતનું ધ્યાન રાખે છે. હું બીમાર પડું તો દેખભાળ જાતે કરે છે. બહાર જાઉં કે થોડું કામ વધારે કરું તો ફિકર કરે છે. મારી નાની નાની વાતો ધ્યાનથી સાંભળે છે. દરેક રીતે મારું જતન કરે છે. આ બધું 'કેરીંગ''careing' છે અને આ ભેટ પ્રેમથી ભરપૂર હોય છે, જેનાં મૂળ દિલમાં છુપાયેલાં હોય છે અને એક વાર માટે નહિ જીવનભર માટે યાદગાર ભેટ સાબિત થાય છે.આ ભેટ દાદા રોજેરોજ મને આપે છે.''

બધાના મોઢામાંથી સારી પડ્યું, ''વાહ દાદા!'' અત્યાર સુધી દાદીની મીઠી મીઠી વાતો ચુપચાપ સાંભળતા દાદા બોલ્યા, ''અરે, હું કાળજી કરું છું તેનાથી અનેકગણી કાળજી તે મારી કરે છે ; બોલવા બેસીશ તો આખી રાત નીકળી જશે. આટલાં વર્ષોમાં અમારો પ્રેમ અકબંધ છે એટલે એકમેકની કાળજી લઈએ છીએ કે કાળજી લઈએ છીએ એટલે પ્રેમ અકબંધ છે તે વિચારવાનુંછે.'' દાદી મીઠું મલકયાં અને બધા જોરથી હસ્યાં.દાદા દાદીના પ્રેમના અધ્યાયે બધાને સુંદર સમજ પણ આપી.

તંત્ર સૌથી પ્રાચીન પર્વતમાળાની ઘોર ખોદવા સજ્જ છે

ફીર દેખો ચારોં

બીરેન કોઠારી

માનવજાત જે ઝડપે વિકાસ સાધી રહી છે એમાં ખરેખર તો કોનો વિકાસ થઈ રહ્યો છે એ સમજવું મુશ્કેલ છે. કેમ કે, વિકાસની આ દોટમાં નદી, પર્વત, સાગર, જમીન અને તમામ પર્યાવરણપ્રણાલીઓનો ભોગ લેવાઈ રહ્યો છે. આમ કર્યા પછી મુઠ્ઠીભર લોકોનું જીવનધોરણ કદાચ સહેજ ઉપર આવે તો પણ એમના જીવનની ગુણવત્તા સાવ કથળે છે. આનાં કંઈ કેટલાંય ઉદાહરણો રોજેરોજ નજર સામે આવી રહ્યાં છે. આટલા બધા નુકસાન પછી જે કંઈ હાથમાં આવે એને વિકાસ કહી શકાય ખરો?

અરવલ્લીની ગિરિમાળા પર ક્યારનું જોખમ તોળાઈ રહ્યું છે, જેના વિશે આ કટારમાં ત્રણેક વર્ષ અગાઉ વિગતે લખાયું હતું. એમાં મુખ્ય મુદ્દો દિલ્હી અને હરિયાણામાં આવેલા આ પર્વતમાળાના કેટલાક હિસ્સામાં ગેરકાયદે વધતી જતી બાંધકામની પ્રવૃત્તિ અને તેને લઈને બદલાતું જે તે વિસ્તારનું ભૂપૃષ્ઠ ઉપરાંત આ ગેરકાયદે બાંધકામ પ્રવૃત્તિને કાયદાકીય સ્વરૂપ અપાવાની હિલચાલનો હતો. 2018માં સર્વોચ્ચ અદાલતે નોંધ્યું કે આ ગિરિમાળાનો પા ભાગ રીતસર ખતમ થઈ ગયો છે. એ સાથે જ તેણે અરવલ્લીમાં થઈ રહેલાં ગેરકાયદે બાંધકામ બાબતે કડકાઈ દાખવવા માંડી. આ ગિરિમાળા પર બનાવાયેલાં અમીરોનાં ફાર્મહાઉસ હોય કે ગરીબોનાં આવાસ, સર્વોચ્ચ અદાલતે કડકાઈ બાબતે કોઈ ભેદભાવ દાખવ્યો નથી.

હવે વાત જરા જુદી રીતે અને વધુ ગંભીરપણે આગળ વધી રહી છે. તેના વિશે વાત કરતાં પહેલાં એટલી પ્રાથમિક વિગત જાણી લેવી જરૂરી છે કે ગુજરાતની પૂર્વેથી છેક હરિયાણાના દક્ષિણ સુધી, આશરે સાતસો કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલી અરવલ્લીની ગિરિમાળા વિશ્વની પ્રાચીનતમ ગિરિમાળા છે. સ્વાભાવિકપણે જ તેની આગવી જૈવપ્રણાલી હોય અને તેને કારણે આસપાસના વિસ્તારની આબોહવા પર તેની અસર હોય. ખાસ કરીને રાજસ્થાનના થારના રણમાંથી વાતી લૂને તે અવરોધે છે. દેશના કેટલાક ભાગ પૂરતું તે 'હરિયાળું ફેફસું' કહેવાય છે. પણ હવે જાણે કે પર્યાવરણ મંત્રાલયે તેને ખતમ કરવા માટે કમર કસી લીધી છે.

નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં સર્વોચ્ચ અદાલત દ્વારા કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયની એક પેનલ દ્વારા કરાયેલી ભલામણનો સ્વીકાર કર્યો. એ મુજબ પેનલ દ્વારા રાજસ્થાનમાં આવેલા અરવલ્લીના ગણાતા વિસ્તારમાં લગભગ 90% જેટલો ઘટાડો સૂચવાયો છે. અરવલ્લીના કયા વિસ્તારમાં ખનન માટે મંજૂરી આપવી એ બાબત નક્કી કરવામાં આ સરકારી પેનલે તેની પોતાની જ સંસ્થા ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા (એફ.એસ.આઈ.) દ્વારા તૈયાર કરાયેલી સત્તાવાર માર્ગદર્શિકાઓને અવગણી છે.

પેનલે સૂચવ્યું છે કે સો મીટર યા તેથી વધુ ઊંચાઈ ધરાવતા વિસ્તારો જ પર્વતમાળાનો હિસ્સો ગણાશે. આ પર્વતમાળાની સરેરાશ ઊંચાઈ છસોથી નવસો મીટરની છે. એફ.એસ.આઈ.ના સર્વેક્ષણ અનુસાર, અરવલ્લીની કુલ 12,081 ટેકરીઓ પૈકીની કેવળ 1,048 ટેકરીઓ જ સો મીટર ઊંચાઈના આ માપદંડમાં બંધ બેસે છે. એ સિવાયની, એટલે કે મોટા ભાગની પર્વતમાળાની ઊંચાઈ વીસ મીટર કે એથી વધુ છે. એનો અર્થ એ થયો કે અરવલ્લી ગિરિમાળાના નેવું ટકા હિસ્સાને સરકારની પેનલે ખનન માટે ખુલ્લો કરવાની ભલામણ કરી અને સર્વોચ્ચ અદાલતે એને મંજૂર રાખી. સર્વોચ્ચ અદાલતે પર્યાવરણ મંત્રાલયને એવા વિસ્તારોના ખનન માટે સુયોગ્ય યોજના બનાવવા જણાવ્યું છે. અલબત્ત, અદાલતની પોતાની સમિતિના 2018ના અહેવાલ સહિત બીજા અનેક અહેવાલમાં સૂચવાયું છે કે અરવલ્લીની ગિરિમાળાઓ પોતાનો પચીસ ટકા એટલે કે પા ભાગનો હિસ્સો ક્યારનો ગુમાવી ચૂકી છે. હવે ગિરિમાળાની આ નવી વ્યાખ્યા પછી તેમાં શું બાકી રહેશે એ સવાલ છે.

અરવલ્લીની ગિરિમાળાઓ પોતાનો પચીસ ટકા એટલે કે પા ભાગનો હિસ્સો ક્યારનો ગુમાવી ચૂકી છે. હવે ગિરિમાળાની આ નવી વ્યાખ્યા પછી તેમાં શું બાકી રહેશે એ સવાલ છે

વક્તા એ છે કે હજી મે મહિનામાં જ પર્યાવરણ મંત્રાલય દ્વારા 'અરવલ્લી લેન્ડસ્કેપ રિસ્ટોરેશન એક્શન પ્લાન' બનાવવામાં આવ્યો હતો, જેમાં વનનાબૂદી, ખનન, ચરાણ તેમજ ગેરકાયદે ઘૂસણખોરીથી અરવલ્લીનું રક્ષણ કરાવવાની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો.

તેમાં એમ પણ જણાવાયું હતું કે રણની રેતી પૂર્વ તરફ ખસી રહી છે અને ગુરુગ્રામ તેમજ અલવર જેવા વિસ્તારોને એ નુકસાન પહોંચાડે છે. છેક 2002 થી સર્વોચ્ચ અદાલત કહેતી આવી છે કે અરાવલ્લીના બધા ભાગો એટલે કે પહાડો, ઉચ્ચ પ્રદેશ પરની સમતલ જમીન, મેદાનો અને ડુંગરની સાંકડી ટોચો–આ બધું મળીને એક સંયુક્ત પર્યાવરણપ્રણાલી તરીકે કામ કરે છે. 2018 માં સર્વોચ્ચ અદાલતે એમ પણ કહ્યું હતું કે આ પહાડો નહીં રહે તો દિલ્હીમાં હવાના પ્રદૂષણમાં વધારો થશે.

આમ, સર્વોચ્ચ અદાલત અને પર્યાવરણ બન્ને પોતે જ ભૂતકાળમાં છેડેલા સૂરથી વિપરીત સૂરાવલિ છેડી રહ્યાં છે. ભૂતકાળમાં સર્વોચ્ચ અદાલતે પર્યાવરણની સુરક્ષા બાબતે નિર્ણાયક પગલાં ભર્યાં હોવાનો ઉજ્જવળ ઈતિહાસ છે. હવે નિર્ધારિત કરાયેલી ઊંચાઈથી ઓછી ઊંચાઈની ટેકરીઓનો નાશ કરવામાં આવશે તો થોડા ઘણા પહાડો બાકી રહેશે. દેશના ઉત્તર ભાગનું 'હરિયાળું ફેફસું' આ રીતે સાવ નકામું બની જશે.

આ આખી કવાયત પરથી ખ્યાલ આવશે કે આપણો વર્તમાન અને ભાવિ કેવાં કેવાં લોકો અને કેવા તંત્રના હાથમાં છે. ખનનની પરવાનગી એટલે માત્ર ને માત્ર આવકનો સ્રોત ઊભો કરવો. એનાથી મુઠ્ઠીભર લોકોને થોડો ઘણો આર્થિક લાભ થશે, પણ સામે આખેઆખી પર્યાવરણપ્રણાલીનું નિકંદન નીકળી જશે અને આટલા મોટા ભૂવિસ્તાર પર તેની વિપરીત અસરોનો ભોગ બનવું પડશે.

એ નુકસાનને કયા ત્રાજવે તોલીશું? આમાં સંવેદનાની નહીં, સાદી સમજણની વાત છે. પણ આર્થિક લાભ સાદી સમજણને ક્યાંય પાછળ મૂકી દે છે. એક નાગરિક તરીકે આવી ગતિવિધિઓનાં સાક્ષી બનવાનું આવે એનાથી મોટી લાચારી શી હોઈ શકે!

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

H-1B વિઝા વિવાદ: અમેરિકન મજૂર વર્ગની લડત કે કોર્પોરેટ લોભ?

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

H-1B વિઝા - અમેરિકાનું 'ટેલન્ટેડ ઈમિગ્રેશન' વિશ્વનાં ટોચનાં કુશળ કામદારોને અમેરિકન કંપનીઓમાં લાવવા માટે ૧૯૯૦માં શરૂ થયું. આ વિઝા ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને હેલ્થ કેર જેવા ખાસ વ્યવસાયો માટે વપરાય છે, જેમાં બેચલર ડિગ્રી અથવા તેનાથી વધુ ભણતર જરૂરી છે. વાર્ષિક ૮૫૦૦૦ વિઝાની મર્યાદા છે, જે લોટરી સિસ્ટમ દ્વારા અપાય છે. ૨૦૨૫ની વાત કરીએ તો લાખો અરજીઓ વચ્ચે ફક્ત ૨૫% જ સફળ થઈ છે. અમેરિકા માટે આ વિઝા માત્ર 'ટેલન્ટ ઈમ્પોર્ટ' નથી; તે અમેરિકન મજૂર વર્ગની નોકરીઓ પર પ્રશ્નચિહ્ન પણ છે, કારણ કે ઘણી વખત કંપનીઓ અમેરિકનોને બદલે સસ્તા વિદેશી કામદારોને લેવાનું પસંદ કરે છે જેને કારણે અમેરિકનોના રોજગારને અસર થાય છે.

૨૦૨૫માં, આ વિવાદ MAGA આંદોલનના હાર્ટ સુધી પહોંચી ગયો. ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળમાં, H-1Bને લઈને આંતરિક વિભાજન ઊભું થયું: એક તરફ ટ્રમ્પ અને તેમના ટેક-બિલિયનેર્સ (જેમ કે એલોન મસ્ક) તેને 'ગ્લોબલ ટેલન્ટ'તરીકે સમર્થન આપે છે, તો બીજી તરફ MAGAના હાર્ડકોર સમર્થકો (જેમ કે લોરા ઈન્ગ્રાહામ, માર્જોરી ટેલર ગ્રીન) તેને 'અમેરિકન નોકરીઓનો ચોર' કહે છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં એક લાખ ડોલરની નવી ફી અને ડિસેમ્બરમાં વધુ કડક નિયંત્રણોની જાહેરાતે આ વિવાદને ભડકાવ્યો.

અગાઉ કહ્યું તેમ H-1Bની શરૂઆત ૧૯૯૦માં થઈ, જ્યારે અમેરિકા વૈશ્વિક આઈટી તેજીમાં પ્રવેશ્યું. અમેરિકન કોંગ્રેસે ૬૫૦૦૦ વિઝાઓની મર્યાદા નક્કી કરી, જે ૨૦૦૪માં વધીને ૮૫૦૦૦ થઈ. આ વિઝાના મુખ્ય લાભાર્થી ભારત અને ચીન હતાં. ૨૦૨૫માં ૭૦% વિઝા ભારતીયોને મળ્યા છે. ગૂગલ, માઈક્રોસોફ્ટ અને એમેઝોન જેવી કંપનીઓ આ વિઝાના ઉપયોગથી વિદેશી કામદારોને અમેરિકામાં લાવે છે, જેના કારણે ટીકા એ થાય છે કે તેઓ અમેરિકનોની નોકરીઓ ખાઈ જાય છે. એક અભ્યાસ અનુસાર, H-1Bને કારણે IT જોબ્સમાં વેતન ૧૦થી ૨૦ ટકા ઘટે છે.

ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં તેમણે H-1Bને 'અમેરિકન જોબ્સનો ચોર' કહી ચકાસણી કડક કરી. પરંતુ ૨૦૨૫માં, ટ્રમ્પના બીજા કાર્યકાળમાં, તેમનો અભિગમ બદલાયો. નવેમ્બર ૧૨, ૨૦૨૫ના ફોક્સ ન્યૂઝને આપેલ ઈન્ટરવ્યુમાં, લોરા ઈન્ગ્રાહામે તેમને કહ્યું: 'H-1B વિઝા અમેરિકન્સને નુકસાન પહોંચાડે છે.'ત્યારે ટ્રમ્પે જવાબ આપ્યો: 'અમેરિકામાં કેટલીક ટેલન્ટ્સની અછત છે, એટલે આપણે વિદેશી કુશળ કામદારોની જરૂર છે.' આ કમેન્ટથી MAGAને ભૂકંપનો આંચકો લાગ્યો - ઈન્ગ્રાહામે કહ્યું: 'આ વાત એન્ટી-MAGA છે!'

૨૦૨૫માં ટ્રમ્પના વિરોધાભાસી પગલાંને કારણે H-1B વિવાદનું કેન્દ્ર રહ્યું. સપ્ટેમ્બર ૧૯, ૨૦૨૫ના, અમેરિકન સરકારે નવા H-1B વિઝા માટે એક લાખ ડોલરની નવી ફી જાહેર કરી - જે નવા H-1B અરજીદારો માટે ખૂબ મોટો આંચકો હતો. આને MAGAએ 'અમેરિકા ફર્સ્ટ'ની જીત કહી, પરંતુ નવેમ્બરમાં ટ્રમ્પની 'ટેલન્ટ શોર્ટેજ' કમેન્ટે તેમને નારાજ કર્યા. માર્જોરી ટેલર ગ્રીન (MTG)એ કહ્યું કે H-1B વિઝા અમેરિકન્સની નોકરી ખાઈ જાય છે જે મારા વોટર્સનો મુખ્ય મુદ્દો છે.

ડિસેમ્બર ૩, ૨૦૨૫ના રોજ સ્ટેટ ડિપાર્ટમેન્ટે 'એન્હાન્સ્ડ વેટિંગ'એટલે વધુ કડક ચકાસણી જાહેર કરી. H-1B અરજદારો (અને તેમના પરિવારના સભ્યો)ના LinkedIn પ્રોફાઈલ્સ તપાસવાનું શરૂ કર્યું અને તેમાં સેન્સરશિપ, મિસઈન્ફોર્મેશન અથવા કન્ટેન્ટ મોડરેશન જેવાં કામોમાં જોડાયેલાં લોકોને રિજેક્ટ કરવાનું શરૂ કર્યું. પરંતુ MAGA માટે આ પગલું પૂરતું નહોતું. તેમની માંગ તો વિઝા પ્રોગ્રામને સંપૂર્ણપણે બંધ કરવાની રહી છે.

આ વિવાદમાં ભારતીય IT લોબી ITServe પણ ફસાઈ. એક જૂના વીડિયોમાં ભારતીય-અમેરિકન વકીલ પ્રિયા મુર્થીના ટ્રમ્પ વિરુદ્ધ 'પ્રોફેનિટી-લેડ'ની વાતના ક્લિપ્સ વાયરલ થયા, જેને MAGAએ H-1B કાઈમ સિન્ડિકેટ ગણાવ્યું. વિવેક રામસ્વામી ITServeની ૨૦૨૫ની કોન્ફરન્સમાંથી ખુદ હટી ગયા. ITServeએ જવાબમાં ટ્રમ્પના 'મેરિટ-બેઝ્ડ રિફોર્મ્સ'ને સમર્થન આપ્યું, જેને કેટલાકે 'પાર્ટીઝન અલાઈનમેન્ટ'કહ્યું. X પર આ વિવાદ વધુ ભડક્યો. કેટલાકે H-1Bને અમેરિકન જોબ્સ ચોરી કહ્યું તો કોઈકે H-1Bને અમેરિકન લેબર યુદ્ધ કહ્યું. કોઈકે કહ્યું કે અમેરિકામાં ૪થીપ મિલિયન ઊંચી IQ ધરાવતા અમેરિકન્સ છે અને H-1Bને કારણે તેમને અવગણવામાં આવે છે. આ બધી પોસ્ટ્સ ખૂબ વાયરલ થઈ.

અમેરિકા માટે આ વિઝા માત્ર 'ટેલન્ટ ઈમ્પોર્ટ' નથી; તે અમેરિકન મજૂર વર્ગની નોકરીઓ પર પ્રશ્નચિહ્ન પણ છે, કારણ કે ઘણી વખત કંપનીઓ અમેરિકનોને બદલે સસ્તા વિદેશી કામદારોને લેવાનું પસંદ કરે છે જેને કારણે અમેરિકનોના રોજગારને અસર થાય છે

જો કે આ વિવાદમાં MAGA વિભાજિત જોવા મળ્યું. ટ્રમ્પના ટેક-બિલિયનેર્સ (મસ્ક, વિવેક) H-1Bને ઈનોવેશન તરીકે જુએ છે જ્યારે હાર્ડકોર MAGA (ઈન્ગ્રાહામ, MTG) તેને 'અમેરિકા ફર્સ્ટ'નું વિરોધી કહે છે. પોલિટિકો અનુસાર, ૨૦૨૫ની ચૂંટણીઓમાં આ મુદ્દાને કારણે ટ્રમ્પની પાર્ટીને ૫થી૯ સીટોનું નુકસાન થયું.

આ સમગ્ર મુદ્દાની અમેરિકન અર્થતંત્ર પર અસર જોઈએ તો એક લાખ ડોલર ફીથી ટેક કંપનીઓને ૧૦ બિલિયન ડોલરનું નુકસાન થયું છે અને ૫૦ હજારથી વધુ H-1B જોબ્સ ઘટી છે. સામે અમેરિકન IT વેતન ૫-૧૦% વધ્યા છે. ભારતીય IT ફર્મ્સ (TCS, Infosys)ના $50 બિલિયનના રેમિટન્સને ૭૦% અસર થઈ છે. ટ્રમ્પનો અભિગમ વ્યૂહાત્મક રહ્યો છે. તેઓ એક લાખ ડોલર ફી અને કડક ચકાસણીથી H-1Bને મર્યાદિત કરીને MAGAને ખુશ કરવા પ્રયત્ન કરે છે અને 'ટેલન્ટ શોર્ટેજ'ની કમેન્ટથી ટેક લોબીને ખુશ કરે છે. પરંતુ ટ્રમ્પની આ ડબલ-ગેમ MAGAને વિશ્વાસઘાત લાગે છે.

કંપનીઓ H-1Bના ઉપયોગથી કર્મચારીને આપવા પડતાં વેતનમાં ૨૦-૩૦%નો ઘટાડો કરી શકે છે. પરંતુ ટ્રમ્પ દ્વારા કરાયેલા ફી વધારાને કારણે અમેરિકા ૨૦૩૦ સુધીમાં એક મિલિયન STEM જોબ્સ ગુમાવી શકે છે.

ઈમિગ્રેશન અને ઈનોવેશન વચ્ચે સંતુલન જરૂરી છે. અમેરિકન્સ ઈચ્છે છે કે પોલિસીમાં સ્પષ્ટતા કરી H-1Bને મેરિટ આધારિત બનાવી શકાય. મિનિમમ વેતનમાં વધારો કરવો અને STEM એજ્યુકેશન વધારી નોકરીઓમાં અમેરિકન્સને પ્રાયોરિટી આપવા જેવાં પગલાં લઈ શકાય. સાથે જ રિફોર્મ પણ જરૂરી છે.

H-1B વિવાદ માત્ર વિઝા વિવાદ નથી પરંતુ MAGAએ તેને અમેરિકન મજૂર વર્ગની લડત ગણાવી છે. ૨૦૨૫માં ટ્રમ્પના વિરોધાભાસી પગલાંએ MAGAમાં તિરાડ પાડી છે પરંતુ એક લાખ ડોલરની જંગી ફી અને કડક ચકાસણી જેવા સુધારા MAGA માટે આશાનું કિરણ છે. જો ટ્રમ્પ બંને વચ્ચે સંતુલન ન સાધી શક્યા તો ૨૦૨૬ની ચૂંટણીઓમાં ટ્રમ્પની પાર્ટી GOPને મોટું નુકસાન થશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સુરતીઓનું સ્વાદિષ્ટ 'રતાળુ'

સુરત જિલ્લાનાં ગામોની વાડીમાં રતાળુનો પાક થાય છે. રતાળુ શિયાળાની સીઝનમાં બહોળા પ્રમાણમાં થાય છે. રતાળુ એક કંદમૂળ છે. રતાળુ ગોળ અને લંબગોળ બે પ્રકારનાં આવે છે. શિયાળામાં પાપડીની સિઝન ચાલુ થાય. સુરતીઓ માટે પાપડીનું ઉંધિયું માનીતું શાકભાજી છે. જે શિયાળામાં ઘરે ઘરે બનાવવામાં આવે છે. ઉંધિયામાં રતાળુ નાંખવામાં આવે છે. રતાળુ વગર ઉંધિયું અધૂરું છે. સુરતીઓ રતાળુવાળું પાપડીનું શાક પણ ખાય છે. પંચકુટિયું શાકમાં પણ રતાળુ નાંખવામાં આવે છે. રતાળુનું કંદ પણ સ્વાદિષ્ટ હોય છે. રતાળુને બાફી તેના ટુકડા કરી મીઠું મરીનો ભૂકો નાંખી ખાવામાં આવે છે. સુરતમાં રતાળુના કંદ માટે 'ઈશ્વર તુલસી' પ્રખ્યાત છે. લગ્ન પ્રસંગમાં ફરસાણમાં રતાળુની પુરી બનાવવામાં આવે છે. રતાળુની પેટીસ લગ્ન પ્રસંગમાં સુરતીઓ આરોગે છે. રતાળુની પુરી ખાવા સુરતીઓ ડુમસ જાય છે. જેમાં લાંબા રતાળુનો ઉપયોગ થાય છે. રતાળુ એક પૌષ્ટિક શાકભાજી છે. રોગપ્રતિકારકશક્તિ વધારે છે, જે ખાવાથી શરદી ખાંસી મટે છે. રતાળુ સુરતીઓનું લોકપ્રિય શાકભાજી છે.

સુરત -કિરીટ મેઘાવાલા

જૂની આયુર્વેદિક કહેવતો

જીવનનો સાર : - ઘઉં ખાવાથી શરીર ફૂલે, જવ ખાવાથી ઝૂલે; મગ ને ચોખા ના ભૂલે, તો બુદ્ધિના બારણા ખુલે. ઘઉં તો પરદેશી જાણું, જવ તો છે દેશી ખાણું; મગની દાળ ને ચોખા મળે, તો લાંબુ જીવી જાણું. ગાયના ઘીમાં રસોઈ રાંધો, તો શરીરનો મજબૂત બાંધો; તલના તેલની માલિશથી, દુઃખે નહીં એકેય સાંધો. ગાયનું ઘી છે પીળું સોનુ, મલાઈનું ઘી ચાંદી; હવે વનસ્પતિ ઘી ખાઈને, થાય સારી દુનિયા માંદી. મગ કહેઃ હું લીલો દાણો, ને મારે માથે ચાંદું; બે ચાર મહિના મને ખાય, તો માણસ ઉઠાડું માંદું. ચણો કહેઃ હું ખરબચડો, મારો પીળો રંગ જણાય; જો રોજ પલાળી મને ખાય, તો ઘોડા જેવા થવાય. રસોઈ રાંધે જો પીત્તળમાં, ને પાણી ઉકાળે તાંબામાં; જો ભોજન કરે કાંસામાં, તો જીવન માણે લાબામાં. ઘર-ઘરમાં રોગનાં ખાટ્લાં, ને દવાખાનામાં બાટલા; ફ્રીજનાં ઠંડા પાણી પીને, ભૂલી ગયા છે માટલા. પૂર્વે ઓશીકે વિદ્યા મળે, દક્ષિણે ધન કમાય; પશ્ચિમે ચિંતા ઉપજે, ને ઉત્તરે હાનિ થાય. ઊંધો સુવે તે અભાગ્યો, ચતો સુવે તે રોગી; ડાબે તો સૌ કોઈ સુવે, જમણે સુવે તે યોગી. આહાર એ જ ઔષધ છે, ત્યાં દવાનુ શું કામ; આહાર-વિહાર અજ્ઞાનથી, દવાખાના થાય છે જામ. રાત્રે વહેલા જે સુવે, વહેલા ઉઠે તે વીર; પ્રભુ ભજન પછી ભોજન કરે, એ નર છે વીર.

સુરત -સુરેન્દ્ર દલાલ

નામ બદલવાથી રાષ્ટ્રનો વિકાસ થાય?

કોઈ પણ યોજનાનું નામકરણ કરવામાં આવે છે. તે સમયે ચર્ચા અને ઘટના સાથે રાષ્ટ્ર માટેનું યોગદાન જેવી અનેક બાબતો ધ્